# EDII મોબાઈલ બસ દ્વારા ગ્રામજનોને આપશે ટેક્નોલોજી અને આંત્રપ્રિન્યોરશિપની તાલિમ

## એચ.પી દ્વારા ડિઝાઈન કરાયેલી આધુનિક બસની મદદથી ઈન્ફોર્મેશન ટેક્નોલોજીનું જ્ઞાન

**Mobile Bus**

સિટી રિપોર્ટર | અમદાવાદ

ડિજિટલ ઈન્ડિયાને પ્રમોટ કરવા માટે અને ગામડાંમાં રહેતા છેવાડાના લોકોને ટેક્નોલોજી અને આંત્રપ્રિન્યોરશિપની તાલિમ આપવા માટે ડિજિટલ ઈન્ક્લૂઝન માટે 'એચપી વર્લ્ડ ઓન વ્હીલ્સ (HP WoW) મોબાઈલ બસ' શરૂ કરાઈ છે. ટેક્નોલોજીથી સજ્જ આ બસ ભારતભરમાં ફરીને દર વર્ષે શાળાનાં 14,000 વિદ્યાર્થીઓ, યુવાનો અને મહિલાઓને લક્ષ્યાંક બનાવશે, જેથી ચાર વર્ષમાં 56,000 લાભાર્થીઓને ઈન્ફોર્મેશન ટેક્નોલોજીનું જ્ઞાન મળી રહે.

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) એ એચપી સાથે મળીને ગુજરાત, યુપી, એમપી, આંધ્રપ્રદેશ, જેવા રાજ્યોનું શેડ્યુલિંગ અને પ્લાનિંગ ઈડીઆઈઆઈ દ્વારા કરવામાં આવશે. આ માટે ઈડીઆઈઆઈ સાથે બસ સાથે 24 કલાક કાર્યરત ટીમ બનાવી છે. જે બસમાં ઉપલબ્ધ સુવિધાઓની સાથે આંત્રપ્રિન્યોરશિપની પણ તાલિમ આપશે. ગુજરાતમાં અમદાવાદ ખાતે સૌ પ્રથમ આ બસ સેવા શરૂ કરાઈ છે. જેનું ઉદ્ઘાટન રાજ્યના મુખ્ય સચિવ ડૉ. જે. એન. સિંઘે કર્યુ હતું.



મોબાઈલ બસની અંદરની ફેસિલિટીને જણાવતાં EDII ડિરેક્ટર (જમણેથી)

આ અંગે ઈડીઆઈઆઈના ડિરેક્ટર સુનિલ શુક્લાએ કહ્યું કે, 'એચપી વર્લ્ડ ઓન વ્હીલ્સ પ્રોજેક્ટ એક વ્યવહારીક પહેલ છે. આ નવો પ્રોજેક્ટ ડિજિટલ ક્ષમતાઓ લાવશે અને દેશનાં બાકીનાં વિસ્તારોમાં લોકોને નોંધપાત્ર વિવિધ વિષયો પર સમજણ પણ પ્રદાન કરશે. મને ખાતરી છે કે પરિણામો જીવનમાં પરિવર્તન લાવશે અને ભારતને કેટલાંક લાભ પ્રદાન કરીને શ્રેષ્ઠ દેશોમાં સ્થાન અપાવશે.'